dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 141 | AD - 2026, Fagan Sud - 10 | Thursday, Dt. 26-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈઝરાયેલની સંસદ 'નેસેટ'ને સંબોધિત કરનાર નરેન્દ્ર મોદી પ્રથમ વડાપ્રધાન બનશે

# પીએમ મોદી ઈઝરાયેલની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા

**પીએમ નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂએ પ્રોટોકોલ તોડી પીએમ મોદીનું સ્વાગત કર્યુ**

તેલ અવીવ,તા.૨૫

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઈઝરાયલની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે છે, જે બંને દેશોના રાજદ્વારી અને વ્યૂહાત્મક સંબંધોમાં એક નવો માઈલસ્ટોન સાબિત થઈ રહી છે. છેલ્લા નવ વર્ષમાં વડાપ્રધાનની આ બીજી ઈઝરાયલ મુલાકાત છે, જે અગાઉ જુલાઈ ૨૦૧૭માં યોજાઈ હતી. એરપોર્ટ પર ઉતરતાની સાથે જ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂએ પ્રોટોકોલ તોડીને પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત માત્ર ઔપચારિકતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં સંરક્ષણ, ટેકનોલોજી અને પ્રાદેશિક સુરક્ષા જેવા ગંભીર મુદ્દાઓ વણાયેલા છે.પીએમ મોદી ઈઝરાયલી સંસદ 'નેસેટ' ને સંબોધિત કરનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે, જે ભારત માટે ગૌરવની ક્ષણ છે. જોકે, આ કાર્યક્રમ સ્થાનિક રાજકારણને કારણે વિવાદોમાં ઘેરાયો છે. ઈઝરાયલના વિપક્ષી નેતાઓ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ આઈઝેક અમીતને આમંત્રિત ન કરવાના મુદ્દે સંસદના સત્રનો બહિષ્કાર કરવાની ચીમકી આપી રહ્યા છે. વિપક્ષી નેતા યેર લેપિડે ચિંતા વ્યક્ત કરી છે કે આંતરિક મતભેદોને કારણે ભારત જેવા મિત્ર દેશની સામે ઈઝરાયલની છબી ખરડાઈ શકે છે. તેમ છતાં, પીએમ મોદીના સ્વાગત માટે 'ધ જેરુસલેમ પોસ્ટ' જેવા અખબારોએ ખાસ ફ્રન્ટ પેજ પર હિન્દીમાં "નમસ્તે" લખીને



ભારતીય નેતા પ્રત્યે આદર વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન પ્રવાસના બીજા દિવસ ૨૬ ફેબ્રુઆરીએ 'યદ વાશેમ' હોલોકોસ્ટ સ્મારકની મુલાકાત લેશે. આ સ્મારક બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝી અત્યાચારોમાં જીવ ગુમાવનારા ૬૦ લાખ યહૂદીઓની સ્મૃતિમાં બનાવવામાં આવ્યું છે. પીએમ મોદી ત્યાં 'બુક ઓફ નેમ્સ'નું અવલોકન કરશે અને નિર્દોષ પીડિતોને શ્રધ્ધાંજલિ અર્પણ કરશે. આ મુલાકાત ઈઝરાયલના ઈતિહાસ અને સંઘર્ષ પ્રત્યે ભારતની સહાનુભૂતિ દર્શાવે છે. ત્યારબાદ તેઓ રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગ સાથે મુલાકાત કરી પ્રાદેશિક સ્થિરતા અને પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ પર ગહન ચર્ચા કરશે.આ મુલાકાતનો સૌથી મહત્વનો પાસું સંરક્ષણ સહયોગ છે. અહેવાલો અનુસાર, ઈઝરાયલ ભારત સાથે તેની વિશ્વ વિખ્યાત એર ડિફેન્સ સિસ્ટમ 'આયર્ન ડોમ' ની ટેકનોલોજી શેર કરવા તૈયાર છે. આ ટેકનોલોજી ભારતની સરહદોની સુરક્ષા માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, ૨૦૨૬ સુધીમાં બંને દેશો વચ્ચે ૮.૬ અબજ ડોલરના સંરક્ષણ કરાર થવાની સંભાવના છે. ભારત ખાસ કરીને હેરોન રુદ્ર-૨ ડ્રોન ખરીદવામાં રસ ધરાવે છે, જે ૪૫ કલાક સુધી સતત ઉડાન ભરી સરહદ પર દેખરેખ રાખી શકે છે. આ કરારો 'મેક ઇન ઇન્ડિયા' અભિયાન હેઠળ ભારતમાં સંયુક્ત ઉત્પાદન પર ભાર મૂકશે.ઐતિહાસિક રીતે ભારતની નીતિ પેલેસ્ટાઈન તરફી રહી હોવાથી દાયકાઓ સુધી કોઈ ભારતીય વડાપ્રધાને ઈઝરાયલની મુલાકાત લીધી ન હતી. જોકે, ૨૦૧૭માં મોદીએ આ પરંપરા તોડીને ઈઝરાયલ સાથે સીધા સંબંધો સ્થાપિત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન 'ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર' (IMEC) અને આતંકવાદ વિરોધી સહયોગ જેવા વિષયો પર પણ મંત્રણા થશે. વડાપ્રધાનની આ મુલાકાત સાબિત કરે છે કે ભારત હવે વૈશ્વિક મંચ પર પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખીને મિત્ર દેશો સાથે મજબૂત ભાગીદારી કરી રહ્યું છે.

# NCERTના પાઠયપુસ્તક ન્યાયતંત્રમાં ભ્રષ્ટ્રાચારના સમાવિષ્ટ મુદ્દે સીજેઆઈ બોલ્યા : કોઈપણ સંસ્થાને બદનામ કરવાની મંજૂરી નહી

નવી દિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટે એનસીઈઆરટી ધોરણ ૮ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગે સમાવિષ્ટ મુદ્દા પર સ્વયં પ્રેરિત (સુઓમોટો) નોંધ લીધી છે અને તેને ગંભીર ચિંતા તરીકે ગણાવ્યો છે. બેન્ચમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલી સામેલ હતા. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે અદાલતને જણાવ્યું કે ધોરણ ૮ના વિદ્યાર્થીઓને



ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર વિશે શીખવવામાં આવી રહ્યું છે, જે ચિંતાજનક બાબત છે.મુખ્ય ન્યાયાધીશે સ્પષ્ટ જણાવ્યું કે તેઓ કોઈને પણ સંસ્થાને બદનામ કરવાની મંજૂરી આપશે નહીં અને કાયદો પોતાનો માર્ગ અપનાવશે. તેમણે ઉમેર્યું કે સંસ્થાના વડા તરીકે તેમણે પોતાની ફરજ નિભાવી છે અને આ મુદ્દાની નોંધ લીધી છે. ન્યાયાધીશ બાગચીએ અવલોકન કર્યું કે પાઠ્યપુસ્તકની કેટલીક બાબતો બંધારણના મૂળભૂત માળખા વિરુદ્ધ જણાય છે.અદાલતે જણાવ્યું કે થોડા દિવસોમાં આ મુદ્દાની વિગતવાર તપાસ કરવામાં આવશે.

પાઠ્યપુસ્તકમાં ભ્રષ્ટાચાર, કેસોની વધતી જતી બાકી સંખ્યા અને ન્યાયાધીશોની અછતને ન્યાયિક પ્રણાલી સામેના પડકારો તરીકે દર્શાવવામાં આવ્યા છે. સાથે જ, ન્યાયાધીશો કોર્ટની અંદર અને બહાર આચારસંહિતાથી બંધાયેલા હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોર્ટ કોઈપણ સંસ્થાને બદનામ કરવાની મંજૂરી નહી આપે.

# જવાહરલાલ નહેરૂએ કોઈ વળતર વિના તિબેટમાં ભારતના અધિકારો ચીનને સોંપ્યા હતા : નિતિન નવીન

**દેશના યુવાનો સકારાત્મક અને પારદર્શક નેતૃત્વ ઇચ્છે છે**

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રીયના અધ્યક્ષ નિતીન નવીનએ નહેરુ-ગાંધી પરિવાર અંગે કટુ આક્ષેપો કર્યા છે. તેમણે આ રાજકારણને "સમાધાન મિશન" કહી સંબોધ્યું અને દાવો કર્યો કે પરિવારના હિતોને રાષ્ટ્રીય હિત કરતાં ઉપર રાખવામાં આવ્યા હતા. નવીનના



કહેવા મુજબ, ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ ૫૪માં કોઈ વળતર વિના તિબેટમાં ભારતના અધિકારો ચીનને સોંપ્યા હતા, જેના કારણે દેશના હિતોને નુકસાન થયું.

તેમણે વધુમાં આરોપ મૂક્યો કે રાજીવ ગાંધીના કાર્યકાળ દરમિયાન સંરક્ષણ સોદાઓમાં ગેરરીતિઓ થઈ અને તેનો ઉપયોગ વ્યક્તિગત લાભ માટે કરવામાં આવ્યો. સાથે જ, કોંગ્રેસ સાંસદ રાહુલા ગાંધી પર વિદેશી શક્તિઓથી પ્રભાવિત હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા. નવીને દાવો કર્યો કે તેમના અનેક વિદેશ પ્રવાસોની માહિતી સુરક્ષા એજન્સીઓને આપવામાં આવી નહોતી અને વિદેશી નેતાઓ સાથેની મુલાકાતોને લઈને સવાલો ઊભા થાય છે. આ ઉપરાંત, ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન સોનીયા ગાંધીએ રાષ્ટ્રીય સલાહકાર પરિષદ મારફતે સમાંતર પ્રભાવ જમાવ્યો હોવાનો આરોપ મૂકયો છે. નવીને કહ્યું કે દેશના યુવાનો સકારાત્મક અને પારદર્શક નેતૃત્વ ઇચ્છે છે અને તેઓ રાષ્ટ્રીય હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા નેતૃત્વને જ સ્વીકારશે.

### સંઘ સીધો રાજકારણમાં સત્તા ઇચ્છતો નથી અને સ્વયંસેવકો વ્યક્તિગત રીતે કાર્ય કરે છે

# સમૃધ્ધ બનેલા લોકો સ્વેચ્છાએ અનામતનો લાભ છોડી રહ્યાં છે : મોહન ભાગવત

દેહરાદૂન,તા.૨૫

રાષ્ટ્રીય સ્વંયમ સેવક સંઘચાલક મોહન ભાગવતે અનામત અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. દેહરાદૂનમાં આયોજિત કાર્યક્રમમાં તેમણે કહ્યું કે અનામતથી લાભ લઈ સમૃદ્ધ બનેલા કેટલાક લોકો હવે સ્વેચ્છાએ તેના લાભો છોડીને સામાજિક સમાનતાનો સંદેશ આપી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી સમાજમાં ભેદભાવ અને અસમાનતા રહેશે ત્યાં સુધી અનામત ચાલુ રહેવી જોઈએ.




ભાગવતે જણાવ્યું કે બંધારણમાં દર્શાવેલી અનામતની જોગવાઈઓનું પાલન કરવું આવશ્યક છે. સામાજિક જાગૃતિ વધતા કેટલાક વર્ગોમાં સકારાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે. શહેરો અને ગામડાઓમાં ભેદભાવ અલગ-અલગ સ્વરૂપે દેખાય છે, પરંતુ તેને દૂર કરવા માટે સામાજિક સંવાદિતા અને પરસ્પર સન્માન જરૂરી છે. દરેક નાગરિકને સ્વતંત્રતા અને સમાનતાનો અધિકાર છે.

તેમણે સંઘની કાર્યશૈલી અંગે પણ સ્પષ્ટતા કરી કે સંઘમાં જાતિ આધારિત ભેદભાવને સ્થાન નથી. સંઘ સામાજિક એકતા અને સમરસતા માટે સતત કાર્ય કરી રહ્યો છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રને મજબૂત બનાવવા માટે સ્વદેશી વ્યવસ્થાઓને પ્રોત્સાહન આપવું જોઈએ, જેથી દેશ સુરક્ષિત અને આદરણીય બની શકે.

સ્વતંત્રતા સંગ્રામના સંદર્ભમાં તેમણ કેશવ બલિરામ હેડગેવાર ભૂમિકાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે સંઘના સ્થાપકે દેશભક્તિના મૂલ્યોને મજબૂત કર્યા.ભાગવતના નિવેદનને વર્તમાન રાજકિય પરિસ્થિતિમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. કેટલાક વિશ્લેષકો માને છે કે આ નિવેદન ચૂંટણી પૂર્વે સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યું છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સંઘ સીધો રાજકારણમાં સત્તા ઈચ્છતો નથી અને સ્વયંસેવકો વ્યક્તિગત રીતે કાર્ય કરે છે.


# જાપાનપ્રવાસે પહોંચેલા યોગી આદિત્યનાથનું ભવ્ય સ્વાગત

લખનૈ,તા.૨૫

યોગી આદિત્યનાથ બે દિવસની સત્તાવાર મુલાકાતે જાપાન પહોંચ્યા છે. રાજધાનીમાં તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું. તેમણે ભારત-જાપાન સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. મુલાકાત દરમિયાન મિત્સુઇ ટ્રાન્સપોર્ટ કંપનીના અધિકારીઓ સાથે રોકાણ, લોજિસ્ટિક્સ પાર્ક અને મેડિકલ ડિવાઈસ ક્ષેત્રમાં સહકાર



અંગે ચર્ચા થઈ. મુખ્યમંત્રીએ ઉત્તર પ્રદેશમાં રોકાણ માટે અનુકૂળ નીતિઓ અને મજબૂત ઔદ્યોગિક માળખાની માહિતી આપી. આ મુલાકાતથી રોજગાર સર્જન અને ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળશે એવી આશા વ્યક્ત કરવામાં આવી છે.




# સુપ્રિમ કોર્ટે મની લોન્ડરીંગ કેસમાં ઝારખંડના મુખ્યમંત્રીને રાહત આપી



નવી દિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને મોટી રાહત આપતાં EDના મની લોન્ડરિંગ કેસમાં નીચલી કોર્ટની કાર્યવાહી પર સ્ટે મૂક્યો છે. બેન્ચે ઈડીને નોટિસ જારી કરી આ મામલે જવાબ માંગ્યો છે. સુનાવણી દરમિયાન અદાલતે ટિપ્પણી કરી કે ઈડી મોટા કેસ પર ધ્યાન કેન્દ્રિત કરે. અગાઉ હાઈકોર્ટે સમન્સને માન્ય રાખ્યા હતા, જેને સોરેને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યા. અદાલતનો આ વચગાળાનો આદેશ આગળની સુનાવણી સુધી અમલમાં રહેશે.



ગેરરીતિ અટકાવવા માટે પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, જેવા કોઈ પણ ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ

# અમરેલી જિલ્લામાં આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

અમરેલી,તા.૨૫

આજથી સમગ્ર રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં પણ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો ઉત્સાહભેર પ્રારંભ થઈ રહ્યો છે. આ મહત્વપૂર્ણ શૈક્ષણિક કાર્યક્રમ માટે અમરેલી જિલ્લામાં કુલ ૪૮ પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જ્યાં હજારો વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીની આ અગત્યની કસોટી આપશે. જિલ્લા શિક્ષણ વિભાગ અને પોલીસ પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓ કોઈ પણ જાતના ભય વગર અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પુરતી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા દરેક પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓની સુવિધાનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. ઉનાળાની શરૂઆતને ધ્યાને રાખીને તમામ સેન્ટરો પર પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત સેનિટેશન અને સ્વચ્છતાની સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. પરીક્ષા દરમિયાન જો કોઈ વિદ્યાર્થીની તબિયત લથડે અથવા તો અન્ય કોઈ તબીબી કટોકટી સર્જાય, તો તેના તાત્કાલિક નિરાકરણ માટે સ્થાનિક પીએચસી સેન્ટરના સંપર્ક નંબરો કેન્દ્રો પર ઉપલબ્ધ કરાવાયા છે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સંવેદનશીલ કેન્દ્રો પર વર્ગ-૧ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે જેઓ સમગ્ર પ્રક્રિયા પર સીધી દેખરેખ રાખશે.પરીક્ષા કેન્દ્રોની સુરક્ષા માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી, પીઆઈ અને પીએસઆઈ કક્ષાના અધિકારીઓ સતત પેટ્રોલિંગમાં રહેશે. પરીક્ષાની પવિત્રતા જાળવવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલી તમામ ઝેરોક્ષ અને ફેક્સની દુકાનો પરીક્ષા દરમિયાન બંધ રહેશે અથવા ત્યાં મશીનોનો ઉપયોગ કરી શકાશે નહીં. વધુમાં, કેન્દ્રની આસપાસ ત્રણથી વધુ વ્યક્તિઓના એકઠા થવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. ગેરરીતિ અટકાવવા માટે પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટૂથ, ઈયરફોન, કેમેરા કે લેપટોપ જેવા કોઈ પણ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ છે. વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓને શાંત ચિત્તે અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાનું વહીવટી તંત્ર આ પરીક્ષાઓને કોઈ પણ અવરોધ વિના સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે કટિબદ્ધ દેખાઈ રહ્યું છે.



### ધો.૧૦ની ૨૮ કેન્દ્ર પર વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે

આજથી શરૂ થનાર ધો.૧૦ની પરિક્ષા બે ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. અમરેલી ઝોનમાં ૧૪ કેન્દ્રોમાં ૪૦ બિલ્ડીંગમાં પરીક્ષા લેવાશે. જયારે સા.કુંડલા ઝોનમાં પણ ૧૪ કેન્દ્રોમાં ૩૯ બિલ્ડીંગમાં પરીક્ષા લેવાશે. ધો.૧૦ની પરિક્ષા ૧૯૬૪૮ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. આ પરિક્ષાને લઈ અમરેલી શિક્ષણ વિભાગ સતર્ક બન્યુ છે.

### ધો.૧૨ની પરીક્ષા ૨૦ કેન્દ્રોમાં લેવાશે

અમરેલી શિક્ષણ વિભાગ તરફથી મળતી માહિતી મુજબ અમરેલી ઝોનમાં સા.પ્રવાહમાં ૦૮ કેન્દ્રોમાં ૫૫૫૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.જયારે સા.કુંડલા ઝોનમાં સા.પ્રવાહમાં ૦૭ કેન્દ્રોમાં ૫૧૦૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. વિજ્ઞાન પ્રવાહમાં અમરેલી ઝોનમાં ૦૩ કેન્દ્રો પર ૧૨૭૧ વિદ્યાર્થીઓ અને સા.કુંડલા ઝોનમાં ૦૨ કેન્દ્રો પર ૩૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

### જિલ્લામાં ૩૧૯૪૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

અમરેલી જિલ્લામાં કુલ ૪૮ કેન્દ્રો,૧૩૩ બિલ્ડીંગ અને ૧૧૧૨ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો.૧૦ અને ધો.૧૨(સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) ના ૩૧૯૪૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી બે દિવસ પહેલા જ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

### ડર રાખ્યા વગર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપો : જિલ્લા શિક્ષણાધિકારી

આજથી શરૂ થતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલે શુભેચ્છા સંદેશ આપતા જણાવ્યું છુ કે, કોઈપણ પ્રકારનો ડર કે ગભરાટ રાખ્યા વગર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપો. તમે વર્ષભર કરેલી મહેનત નિશ્ચિતપણે ફળ આપશે. ભગવદ્ ગીતાનો સાર છે. કર્મ કરતા રહો, ફળની ચિંતા ન કરો. એટલે કે આપનું કર્તવ્ય છે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો, પરિણામ આપમેળે શ્રેષ્ઠ આવશે. શાંત મન, સકારાત્મક વિચાર અને દૃઢ સંકલ્પ સાથે આગળ વધો, સફળતા ચોક્કસ તમારા પગલાને ચુંબન કરશે.

કુલ ૩૧૯૪૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, શિક્ષણ વિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ

# બગસરા જૂથ પાણી પુરવઠા યોજનાનું કામ પૂર્ણ, ૩૯ ગામોને મળશે મહી નદીનું પાણી

ધારાસભ્ય જે.વી. કાકડિયાના પ્રશ્નના પ્રત્યુત્તરમાં રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રીનો વિધાનસભામાં જવાબ



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના નાગરિકો અને ખેડૂતો માટે એક સારા સમાચાર છે. અમરેલી જિલ્લામાં મહી આધારિત જૂથ યોજના અંતર્ગત પાણી પૂરું પાડવા માટેની 'બગસરા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના'નું અમલીકરણ અને તેના ભૌતિક કામો પૂર્ણ કરી દેવામાં આવ્યા છે.

વિધાનસભા સત્ર દરમિયાન ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા દ્વારા રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રીને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તેમણે ૩૧/૧૨/૨૦૨૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના બગસરા, અમરેલી તથા કુંકાવાવ તાલુકાના ગામોને મહી આધારિત જૂથ યોજનાનું પાણી પૂરું પાડવા સરકારે કરેલી કાર્યવાહીનો અહેવાલ માંગ્યો હતો.

આ પ્રશ્નના લેખિત જવાબમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે, બગસરા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. વધુમાં, સરકાર તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ યોજનાના તમામ ભૌતિક કામો પૂર્ણ કરી લેવામાં આવ્યા છે અને યોજનાનું કમિશનિંગ પણ કરી દેવામાં આવ્યું છે.

**આ યોજનાથી કેટલા ગામોને લાભ મળશે ?**

સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ, આ યોજના થકી અમરેલી જિલ્લાના કુલ ૩૯ ગામો અને ૧ શહેરને મહી નદીનું પાણી મળશે. જેમાં બગસરા તાલુકોનાં ૩૩ ગામો અને ૦૧ શહેર, અમરેલી તાલુકાના ૦૩ ગામો અને કુંકાવાવ તાલુકાના ૦૩ ગામોને લાભ મળશે.

# મોટી કુંકાવાવની વ્રજ વિદ્યાલયનું CET પરીક્ષામાં ઉજ્જવળ પરિણામ

ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા સહિત શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ તાલુકામાં આવેલી વ્રજ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ CET ૨૦૨૫-૨૬ની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.ધોરણ-૫ના કુલ ૧૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, જેમાં મિતવા કુંડીયા ૯૧/૧૨૦ ગુણ સાથે મોખરે રહી છે. અન્ય તેજસ્વી તારલાઓમાં દુધાત શિવ (૭૧/૧૨૦), કથીરીયા હર્ષિલ (૬૮/૧૨૦), સોનીગ્રા પરમ (૬૭/૧૨૦), ડાભી રીયા (૬૪/૧૨૦), અને અસોદરીયા રીયા (૬૨/૧૨૦), ગેવરીયા આર્વી(૫૬/૧૨૦), કથીરીયા ઓમ(૫૬/૧૨૦),ગેવરીયા પૃષ્ટિ (૫૪/૧૨૦), ભુવા સીયા (૫૦/૧૨૦)નો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતા બદલ શાળાના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, ટ્રસ્ટ પ્રતિનિધી ઉદયભાઈ દેસાઈ અને આચાર્ય વિવેકભાઈ દિક્ષિત સહિત સમગ્ર વ્રજ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

# રાજુલામાં કેન્દ્રીય જળમંત્રી સી.આર. પાટીલની હાજરીમાં જળ સંમેલન યોજાશે

રાજુલા,તા.૨૫



શ્રી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ રાજકોટ અને રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે આગામી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે એક ભવ્ય જળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવા ચેકડેમ બનાવવા, બોર રિચાર્જ કરવા અને તળાવો ઊંડા કરવા જેવી મહત્વની કામગીરી અંગે લોકજાગૃતિ લાવવાનો છે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ તકે ઊર્જા મંત્રી કૌશિક વેકરિયા, દિલીપભાઈ સંઘાણી અને સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના મહાનુભાવો પ્રેરક હાજરી આપશે. આ સંમેલનમાં સ્થાનિક ધારાસભ્યો અને જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સહભાગી થશે. કાર્યક્રમમાં જાણીતા કલાકાર રાજભા ગઢવી અને અન્ય કલાકારો દ્વારા લોકડાયરાની રમઝટ બોલાવવામાં આવશે. આ ભગીરથ કાર્યમાં અંબરીશ જે. ડેર અને માર્કેટિંગ યાર્ડ પરિવારનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે.

# સા.કુંડલામાં પરચૂરણની ભારે અછતથી નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા

સા.કુંડલા,તા.૨૫

સાવરકુંડલામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચમાં કરન્સી સુવિધા બંધ થયા બાદ શહેરમાં છૂટ્ટા નાણાંની સમસ્યા વધુ વકરી રહી છે. સાવરકુંડલા શહેરમાં છેલ્લા ઘણા સમયથી રૂ.૧૦ અને ૨૦ની નોટો તેમજ પરચૂરણની અછત હોવાથી નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. નાના વેપારીઓ પહેલેથી જ મંદીની અસર અનુભવી રહ્યા છે.આવા સમયમાં છૂટ્ટા નાણાંની અછતે તેમને વધુ કફોડી સ્થિતિમાં મૂક્યા છે. વેપારીઓએ જણાવ્યું હતું કે રૂપિયા ૧૦ અને ૨૦ની નોટો ફાટેલી આવતી હોવાથી ગ્રાહકો સ્વીકારતા નથી. સાથે જ રૂ.૨, ૫ અને ૧૦ના સિક્કા અને પરચૂરણ પૂરતું ઉપલબ્ધ ન હોવાને કારણે રિટેલ વેપાર પર સીધી અસર પડી રહી છે. અન્ય વેપારીએ જણાવ્યું કે બજારમાં પરચૂરણ મળે છે. પરંતુ તેમાં કમિશન આપવું પડે છે. રૂપિયા ૧૦૦૦ના પરચુરણ માટે રૂપિયા ૧૦૦ થી ૧૫૦ સુધી વધારાનું કમિશન ચૂકવવું પડે છે. ઉપરાંત નવી રૂપિયા ૧૦ અને ૨૦ની નોટોના બંડલ બજારમાં લેવા માટે રૂપિયા ૫૦થી ૧૦૦ વધારાની રકમ આપવી પડતી હોવાના પણ વેપારીઓએ આક્ષેપ કર્યા હતા. સાવરકુંડલામાં પરચૂરણની સમસ્યાનો ઉકેલ આવે તેવી વેપારીઓમાં માંગણી ઉઠી છે.

પરચૂરણની સમસ્યાનો ઉકેલ આવે તેવી વેપારીઓમાં માંગણી ઉઠી







# જનક તળાવીયાના પ્રયાસોથી લાઠીના જરખીયા ગામે સંરક્ષણ દિવાલ માટે સૈધ્ધાંતિક મંજૂરી

લાઠી,તા.૨૫



લાઠી તાલુકાના સર્વાંગી વિકાસ માટે હરહંમેશ કાર્યરત ધારાસભ્ય જનક તળાવીયાએ જરખીયા ગામના વર્ષો જૂના પૂરના ગંભીર પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે. ગામની ભૌગોલિક સ્થિતિ અને ચોમાસામાં નદીના પ્રચંડ પ્રવાહને કારણે સર્જાતી સમસ્યાઓને ધ્યાને રાખીને તેમણે રૂપિયા ૫૦ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરી અપાવી છે. આ મજબૂત આર.સી.સી. સ્ટ્રક્ચરવાળી દિવાલ માત્ર ગામના લોકોની જ નહીં પરંતુ ખેતીની જમીન અને પશુધનની પણ સુરક્ષા સુનિશ્ચિત કરશે. ધારાસભ્યએ આ તકે જણાવ્યું હતું કે લોકોની સલામતી તેમની પ્રથમ પ્રાથમિકતા છે. નદીના પાણીની દિશા બદલીને વસ્તીને સુરક્ષિત કરવા માટેની આ તકનીકી ડિઝાઈનથી ગ્રામજનોમાં ભારે હર્ષની લાગણી ફેલાઈ છે. વર્ષોથી પડતર આ માંગણી સંતોષાતા ગામના વડીલો અને યુવાનોએ ધારાસભ્યનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

**સંરક્ષણ દિવાલ માટે મંજૂરી મળતા ગ્રામજનોમાં આનંદ ફેલાયો**

# કુંકાવાવમાં G-કાર્ડ કઢાવવામાં પેન્શનરોને પડતી હાલાકી અંગે કલેક્ટરને રજૂઆત

કુંકાવાવ,તા.૨૫

કુંકાવાવ તાલુકા પેન્શનર્સ મંડળ દ્વારા અમરેલી જિલ્લા કલેક્ટરને પેન્શનરોને G-કાર્ડ કઢાવવામાં પડતી ભારે હાલાકી અંગે લેખિત રજૂઆત કરવામાં આવી છે. સરકારની નવી યોજના મુજબ સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર માટે નવું G-કાર્ડ કઢાવવું જરૂરી છે, પરંતુ સોફ્ટવેરની ખામી અને યોગ્ય વ્યવસ્થાના અભાવે કુંકાવાવ તાલુકાના પેન્શનરો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.રજૂઆતમાં જણાવ્યા મુજબ, પેન્શનરોએ ટ્રેઝરીમાંથી પ્રમાણપત્ર મેળવી આરોગ્ય કેન્દ્ર મારફત G-કાર્ડ કઢાવવા માટે છેલ્લા ૪ માસથી વધુ સમયથી કાર્યવાહી શરૂ કરી છે. પરંતુ અનેકવાર ધક્કા ખાધા પછી અને પૂરતા સાધનિક કાગળો રજૂ કરવા છતાં આજદિન સુધી કાર્ડ નીકળી શક્યા નથી. આ બાબતે CHC અધિક્ષકને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. ઓપરેટર અને સ્થાનિક બ્લોક ઓફિસર પણ સોફ્ટવેરની ખામી હોવાનું જણાવી રહ્યા છે.રજૂઆતમાં મુખ્ય સમસ્યા વર્ણવતા જણાવાયું છે કે અગાઉના ૫ લાખ વાળા આયુષ્યમાન કાર્ડની મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં રદ થયેલ નથી. જ્યાં સુધી અગાઉના આયુષ્યમાન કાર્ડ રદ ન થાય, ત્યાં સુધી નવું G-કાર્ડ નીકળતું નથી. જુના કાર્ડ રદ કરવા માટે લેખિત અરજી આપવા છતાં તેનો નિકાલ થતો નથી કે સોફ્ટવેરમાં રદ કરવાનો કોઈ વિકલ્પ પણ નથી.વધુમાં, જેમના જુના આયુષ્યમાન કાર્ડ નથી તેમના G-કાર્ડ નીકળે છે, તેમાં પણ ટ્રેઝરીએ આપેલા પ્રમાણપત્ર મુજબ કુટુંબના બીજા સભ્યોના નામ અધૂરા નીકળે છે. આનાથી ભવિષ્યમાં સારવાર લેતી વખતે પ્રશ્નો ઊભા થવાની સંભાવના છે.

**સા.કુંડલાના હીપાવડલી ગામે લટુરીયા હનુમાનજી આશ્રમ ખાતે**

# રક્તદાન અને સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તતુલા કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૪



સાવરકુંડલા તાલુકાના હીપાવડલી ગામે સ્થિત શ્રી લટુરીયા હનુમાનજી આશ્રમ ખાતે મહામંડલેશ્વર ૧૦૦૮ જશુબાપુ અને સેવકો દ્વારા જાણીતા હાસ્યકલાકાર ડો. જગદીશ ત્રિવેદીની રકતતુલાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડો. ત્રિવેદીએ સ્વયં રક્તદાન કરીને સમાજને પ્રેરણા પૂરી પાડી હતી. આ આશ્રમ છેલ્લાં ૨૦ વર્ષથી નિરંતર સેવાકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે, જ્યાં દર શુક્રવારે નેત્રયજ્ઞ અને મેડિકલ કેમ્પ દ્વારા અત્યાર સુધીમાં એક લાખથી વધુ લોકોએ નિઃશુલ્ક સારવાર, નિદાન અને ભોજનનો લાભ લીધો છે. આ કેમ્પમાં ડો. મનીષ વલાણીયા, ડો. કમલેશ જોષી અને ડો. રાઠોડના માર્ગદર્શન હેઠળ એકત્ર થયેલ રક્તને ભાવનગર અને મહુવાની બ્લડ બેંકમાં અર્પણ કરવામાં આવ્યું હતું. વંડા ગામના દુષ્યંતભાઈ સોલંકી છેલ્લા બે દાયકાથી આ કેમ્પમાં વિનામૂલ્યે દવાઓ પૂરી પાડી સેવામાં સહભાગી બને છે. પોતાના સન્માનના પ્રત્યુત્તરમાં ડો. જગદીશ ત્રિવેદીએ જશુબાપુની આ સેવાને 'લક્ષચંડી યજ્ઞ' સમાન ગણાવી હતી. તેમણે સૂચવ્યું કે જો અહીં શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉમેરાય તો ભજન, ભોજન, ભંજન અને ભણતરનો અદભૂત 'સેવાચતુષ્કોણ' રચાય. આ સાથે જ તેમણે આશ્રમમાં હોસ્પિટલના નિર્માણ માટે પ્રથમ પાંચ લાખ રૂપિયાના દાનની ઉમદા જાહેરાત પણ કરી હતી.

# અમરેલીમાં ૨૭ ફેબ્રુઆરીએ સરકારી પોલિટેકનિકમાં પ્લેસમેન્ટ ફેર યોજાશે

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના યુવાનોને તેમની યોગ્યતા અનુસાર પસંદગીની જગ્યાએ રોજગારી મળી રહે તેમજ ઉદ્યોગ અને વેપારના એકમોને તેમની જરૂરિયાત અનુસાર કુશળ માનવ બળ મળી રહે તેવા હેતુથી અમરેલીમાં લાઠી રોડ પરની સરકારી પોલીટેકનિક ખાતે ૨૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ છે. જે અનુસંધાને સંસ્થાના આચાર્ય બી. પી. રાવલ તેમજ પ્લેસમેન્ટ કોર્ડીનેટર એમ ડી કાકડિયાના માર્ગદર્શનમાં કામગીરી શરૂ કરવામાં આવી છે. ફેરમાં જિલ્લાની વિવિધ ૧૩ જેટલી સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજોના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા આશરે ૧૭૦૦થી વધારે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આ પ્લેસમેન્ટ ફેરમાં જિલ્લાના આસપાસના વિસ્તારની આશરે ૨૦ જેટલી વિવિધ કંપનીઓ પોતાની ૫૦૦થી વધારે જગ્યાઓ માટે વિદ્યાર્થીઓની ભરતી કરશે. સંપૂર્ણ ભરતી પ્રક્રિયા તદ્દન નિઃશુલ્ક છે. ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજોના વિદ્યાર્થીઓને જરૂરી તમામ ડોક્યુમેન્ટ સાથે ભાગ લેવા માટે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવું વિ. એમ. વાણીયાની યાદીમાં જણાવેલ છે.

# દામનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવિ સંમેલન યોજાયું

દામનગર,તા.૨૫



ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે માતૃભાષા દિવસ નિમિતે દામનગરમાં માધવ કલાવૃન્દ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાયત્રી મંદિર કોમ્યુનિટિ હોલ ખાતે કવિ સંમેલન યોજાયું હતું. આ તકે પુસ્તકાલય પ્રવૃતિને સમર્પિત નટુભાઈ ભાટીયાનું સન્માન કરાયું હતું. આ કવિ સંમેલનમાં રાજુલાના કવિ જે. પી. ડેર, શશિભાઈ રાજ્યગુરુ કવિ 'હેમાળવી', પંકજ ચૌહાણ 'કમલ' એ તેમની રચનાઓ રજુ કરી હતી. કવિ સંમેલનમાં અતિથિ વિશેષ તરીકે નટુભાઈ ભાટીયા મંત્રી મણીભાઈ પુસ્તકાલય દામનગર તેમજ ઘનશ્યમભાઈ પરમાર,વ્યવસ્થાપક કલા સંગમ દામનગર ઉપસ્થિત રહેલ. ૨૧થી વધુ બાળકો દ્વારા ગુજરાતી ભાષાની વિવિધ કૃતિનું વાચન અને ગાયન કરવામાં આવેલ. સંમેલનનું સંચાલન એડવોકેટ ઈતેષકુમાર મહેતાએ કરેલ અને આયોજન રાજેશ્વરીબેન રાજ્યગુરુ દ્વારા કરવામાં આવ્યું હતું.

# લોકશાળા ખડસલી N.S.S. યુનિટ દ્વારા સાવરકુંડલાના મઢડા ગામે ખાસ શિબિર યોજાઈ

સાવરકુંડલા,તા.૨૫



લોકશાળા - ખડસલી N.S.S. યુનિટ દ્વારા અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મઢડા ગામ મુકામે એક ખાસ N.S.S. શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિર દરમિયાન N.S.S. યુનિટ દ્વારા ગ્રામ સફાઈ, સુત્રલેખન, જાહેર સ્થળોની સફાઈ અને પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ જેવા સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. આ સાથે જ ગામમાં લોક જાગૃતિ, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, "જાગો ગ્રાહક જાગો" અભિયાન, વ્યસન મુક્તિ કાર્યક્રમ, પાણી સંરક્ષણ કાર્યક્રમ અને "બેટી બચાવો બેટી પઢાવો" જેવા વિવિધ જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

શિબિર અંતર્ગત મઢડાની પ્રાથમિક શાળા ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ડાંડીયા રાસ, મોબાઈલની મોહજાળ અને વ્યસનથી કેન્સર અંગેના જાગૃતિલક્ષી નાટકો તેમજ વિવિધ નૃત્યો અને રાસ-ગરબા રજૂ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળાના બાળકો અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમ નિહાળ્યો હતો. આ તકે ગ્રામ આગેવાન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે અગ્રસ્થાન ધરાવતા કનુભાઈ ઝાઝડા તરફથી તમામ લોકોને પ્રેમથી બપોરનું ભોજન કરાવવામાં આવ્યું હતું.

લોકશાળા - ખડસલીના આ N.S.S. કેમ્પને સફળ બનાવવા માટે N.S.S. પ્રોગ્રામ ઓફિસર ગોવાભાઈ ગાગિયા, હરેશભાઈ પંડ્યા, નાનજીભાઈ મકવાણા, પ્રવીણભાઈ પટેલ, શીતલબેન વાઘ, અપેક્ષાબેન ચાવડા અને કિશનભાઈ બલિયાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર આયોજનમાં મઢડા ગામના સરપંચ નાજુભાઈ તેમજ ગભરુભાઈ મોભ, કનુભાઈ ઝાઝડા, જગુભાઈ ઝાઝડા અને સમગ્ર ગ્રામજનોનો સાથ સહકાર સાંપડ્યો હતો. અને વિદ્યાર્થીઓની કામગીરીને વધાવી હતી.


અમરેલી જિલ્લાની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે,
ATMA GUJARAT
અમૃત ખેડૂત બજાર
નું આયોજન કરવામાં આવ્યું છે.
પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ભાઈઓ-બહેનો દ્વારા ઉત્પાદિત
■ તાજા શાકભાજી ■ ફળો ■ અનાજ-દાળ તેમજ ગાય આધારિત
વિવિધ ઉત્પાદનો આ બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.
આ બજાર સવારે 9:00 થી બપોરે 3:00 કલાક સુધી ખુલ્લું રહેશે.
તા. 26/02/2026 | સ્થળ:- તાલુકા પંચાયત કચેરી - બગસરા, જી. અમરેલી



TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઈંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો.૯૮૭૯૭ ૬૯૪૫૧




BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.43/2026
જન્મ તારીખ : 01/06/1980

શ્રી મલાઈબેન ધીરૂભાઈ રાઠોડ,
રહે.નાનાવાડા ગામ-નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નાનાવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મલાઈબેન ધીરૂભાઈ રાઠોડ, રહે.નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ધીરૂભાઈ લખમણભાઈ રાઠોડ તથા મલાઈબેન ધીરૂભાઈ રાઠોડ ના પુત્રી નીમુબેન ધીરૂભાઈ રાઠોડનો જન્મ તારીખ.01/06/1980ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૮/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૪૨/૨૦૨૬

પ્રતિ,
શ્રી શાંતિભાઈ શામજીભાઈ મકવાણા
રહે.કેસરીયા, ગામ-કેસરીયા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.પી.વાઘેલા, કોડીનાર ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કેસરીયા, તા.ઉના, જિ. ગીરસોમનાથ ...........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના કેસરીયા ગામના રહીશ શામજીભાઈ કાનજીભાઈ મકવાણા તથા મોંઘીબેન શામજીભાઈ મકવાણાના પુત્ર મનસુખભાઈ શામજીભાઈ મકવાણાનો જન્મ તા.01/01/1969 ના રોજ ઉના તાલુકાના કેસરીયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કેસરીયા, તા. ઉના સને-1969 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૭૦/૨૦૨૬

અરજદાર : શ્રી બારૈયા પુનીબેન ભગુભાઈ
સરનામુ : મું.ભાંકોદર તા.જાફરાબાદ જિ.અમરેલી મો.૮૧૪૦૮૫૩૮૦૯

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર
મું.ભાંકોદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાંકોદર** ગામના **શ્રી બારૈયા પુનીબેન ભગુભાઈ** એ તેમની **પુત્રી નામે કંકુબેન ભગુભાઈ બારૈયા નો જન્મ** તા.૨૮/૦૪/૨૦૦૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૨૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૨૪/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


શું તમને સાંભળવાની તકલીફ છે ?
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# વડિયાના માથાભારે શખ્સને પાસા હેઠળ પાલનપુરની જેલમાં ધકેલાયો



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતો ઈસમ રણજીત કાંતીભાઈ વાઘેલા (ઉ.વ.૨૨, રહે. નવા ઉજળા, તા.વડીયા)ને પાસા હેઠળ પાલનપુરની જેલમાં મોકલાયો છે. આ શખ્સ વિરુદ્ધ વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એ.એન. ગાંગણાએ પુરાવા એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા પોલીસ અધિક્ષક મારફતે કલેકટરને મોકલી આપી હતી. લોકોની માલ-મિલકતને જોખમમાં મુકી શકે તેવા ઈસમની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં આ ઈસમ વિરુધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.ડી.ચાવડા તથા એલ.સી.બી. ટીમ દ્વારા રણજીત વાઘેલાને પાસા વોરંટની બજવણી કરીને તેને પાલનપુર જિલ્લા જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે. રણજીત વિરુદ્ધ વડિયા પોલીસ સ્ટેશનમાં ત્રણ અને તળાજા પોલીસ સ્ટેશનમાં એક ગુનો નોંધાયો હતો. આ કાર્યવાહી એલ.સી.બી. ટીમના પો.કોન્સ. રમેશભાઈ સીસારા તથા વુ.પો.કોન્સ. ધ્રુવિનાબેન સુરાણી, રીનાબેન ધોળકીયા તથા વડીયા પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

# અમરેલીના દહીડા ગામે પુત્રના પ્રેમ લગ્ન મુદ્દે પિતા પર જીવલેણ હુમલો

અમરેલી, તા.૨૫

અમરેલીના દહીડા ગામે પુત્રના પ્રેમ લગ્ન મુદ્દે પિતા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે કુલ ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. બનાવ સંદર્ભે રવજીભાઈ ખીમાભાઈ ધાધલે અમરશીભાઈ અરજણભાઈ ધાધલ, દિનેશભાઈ અરજણભાઈ ધાધલ, પાલાભાઈ અરજણભાઈ ધાધલ, ગોરધનભાઈ અરજણભાઈ ધાધલ, વાલાભાઈ ખોડાભાઈ, લખમણભાઈ દુદાભાઈ સહિત ૧૧ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેના દીકરાએ અમરશીભાઈ ધાધલની ભાણકી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જે વાતનુ મનદુ:ખ રાખી આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા લાકડી તથા પાઈપો જેવા હથીયારો ગેરકાયદે મંડળી રચી તેમના રહેણાક મકાને ગેરકાયદે અપપ્રવેશ કરી લાકડીઓ, પાઈપ તથા ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ સાહેદોને શરીરે ફેકચર જેવી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. જે બાદ અમરશીભાઈ અરજણભાઈ ધાધલે રવજીભાઈ ખીમાભાઈ ધાધલ, ગીતાબેન રવજીભાઈ ધાધલ, પ્રતિક રવજીભાઈ ધાધલ તથા રેણુબેન રવજીભાઈ ધાધલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની ભાણકીએ રવજીભાઈ ધાધલના દીકરા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જે વાતનું બંને પક્ષો વચ્ચે મનદુ:ખ હતું. જેથી આરોપીઓએ તેમને તથા સાહેદોને લાકડી તથા ઢીકાપાટુ વડે માર મારી શરીરે મુંઢ ઈજા પહોચાડી હતી.

# બગસરામાં મચ્છર ભગાડવા કરેલા ધુમાડાને કારણે ગાદલામાં આગ લાગતા વૃધ્ધનું મોત

બગસરા, તા. ૨૫

બગસરા શહેરમાં મચ્છરોથી બચવા માટે રૂમમાં કરવામાં આવેલા ધુમાડા અને બીડી પીવાની ટેવના કારણે ગાદલામાં અચાનક આગ ભભૂકી ઉઠતા, એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી ગયા હતા અને સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. કિશોરભાઈ જીવરાજભાઈ પોપલીયા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, જીવરાજભાઈ ગોકળભાઈ પોપલીયા પોતાના રૂમમાં મચ્છર ભગાડવા માટે દેશી જુગાડ તરીકે ધુમાડો કરી રહ્યા હતા. આ સાથે જ તેમને બીડી પીવાની ટેવ હોવાથી તણખલાના કારણે ગાદલામાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેઓ તેની લપેટમાં આવી ગયા હતા. ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું.

# જીરા ગામે "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના અંતર્ગત મહિલા જાગૃતિ અને રોજગારલક્ષી કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જીરા ગામમાં "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના અંતર્ગત સખી મંડળની બહેનો માટે એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ અધિકારી કણઝરીયા દ્વારા બહેનોને જેન્ડર સેન્સીટાઈઝેશન અને મહિલાઓ લક્ષી કાયદાઓ અંગે વિસ્તૃત સમજ અને માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) યોજનાના TLM નિમાવત કિશોર દ્વારા સ્વ-સહાય જૂથની બહેનોને 'લખપતિ દીદી' આજીવિકા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિકસિત ભારત રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) ની પ્રસાર-પ્રચાર પત્રિકા આપીને સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત, ભારવીબેન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર વિશે, જ્યારે જિલ્લા મિશન કૉ-ઓર્ડિનેટર રાઠોડ હસમુખભાઈ તથા મીનાક્ષીબેન દ્વારા વિવિધ મહિલા લક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

# 'તારા પૈસા અમે ન આપીએ તો શું કરી લઈશ' કહી યુવકને લાદીના ટુકડા માર્યા

અમરેલી, તા.૨૫

અમરેલીના બાબાપુર ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. તારા પૈસા અમે ન આપીએ તો શું કરી લઈશ કહી યુવકને લાદીના ટુકડા માર્યા હતા. આ અંગે ઉમેશભાઈ હીરાભાઈ ચાવડાએ તરવડા ગામના મુકેશભાઈ ભીમજીભાઈ સાંબડીયા તથા કૌશીકભાઈ મુકેશભાઈ સાંબડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે મુકેશભાઈ સાંબડીયા પાસે મજૂરીના રૂ.૪૨૦૦ લેવાના બાકી હતા. જે પૈસા લેવા જતા બન્ને શખ્સોએ કહ્યું કે તારા પૈસા અમે ન આપીએ તો શું કરી લઈશ. આમ કહી બંનેએ લાદીના ટુકડા લઈને તેમના બંને હાથે ચીરા પાડી દીધા હતા.તેમજ લાકડાનો ધોક્કો લઈને બે ત્રણ ઘા વાંસાના ભાગે મારી નીચે પાડી દીધો હતો અને પછી ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી ગજેરા ગર્લ્સ શૈક્ષણિક સંકુલ ખાતે ધોરણ-૧૨ની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૨૫



અમરેલીમાં જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી), સંચાલિત ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ ખાતે તા. ૨૨/૦૨/૨૦૨૬ના રોજ બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, LPT ઉચ્ચતર માધ્યમિક મિશ્ર શાળા અને એસ.એમ. વઘાસિયા ઈંગ્લીશ મિડીયમ ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ-૧૨ની વિદ્યાર્થિનીઓનો વિદાય કાર્યક્રમ યોજાયો હતો. આ તકે સ્ટાફ દ્વારા વિદ્યાર્થિનીઓને બોર્ડની પરીક્ષા અને જીવન માટે પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ પણ પોતાના હોસ્ટેલ અને વિદ્યાર્થી જીવનનાં સંસ્મરણો વાગોળ્યા હતા.

# કેરાળા (વિરડીયા) ગામના યુવકને પોલીસ સ્ટેશન આવવાનું કહેતા ઝેરી દવા પીધી

**બગસરાથી વારંવાર દારૂ લઈ આવતા હોવાથી પોલીસે બોલાવ્યા હતા**


અમરેલી, તા.૨૫

અમરેલીના કેરાળા (વિરડીયા) ગામે રહેતા જીગ્નેશ ઉર્ફે સુરાગભાઈ રવજીભાઈ બગડા (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, તેમને દારૂ પીવાનની ટેવ હતી. દારૂની બગસરાથી ચાર-પાંચ કોથળી લાવતા હતા.

જેથી બીટ જમાદાર મનિષભાઈ એ.એસ.આઈ. તથા વિપુલભાઈ શિયાળ પોલીસ કોન્સ્ટેબલ બંને અવાર નવાર ઉપર વોચ રાખતા હતા અને પોલીસ સ્ટેશને આવવાનું કહેતા હતા. જેથી લાગી આવતા ઘાસમાં છાંટવાની ઝેરી દવા પોતાની મેળે પી લીધી હતી અને સારવારમાં ખસેડ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે કે પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# પીઠવાજાળમાં પાંચ વર્ષની બાળકી પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લાના પીઠવાજાળ ગામમાં એક પાંચ વર્ષની બાળકી પર હુમલો કરનાર દીપડાને વન વિભાગે સફળતાપૂર્વક પાંજરે પૂર્યો છે. ગત ૧૬મી તારીખે બનેલી આ હૃદયદ્રાવક ઘટના બાદ સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો હતો. ખેડૂતની વાડીમાં મજૂરી કામ કરી રહેલા શ્રમિકની દીકરી પર દીપડાએ અચાનક હુમલો કરતા ગ્રામજનોમાં રોષ અને ડર જોવા મળ્યો હતો. આ બનાવની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિકોએ વન વિભાગ પાસે તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી હતી. લીલીયા રેન્જના આર.એફ.ઓ. સહિતની ટીમોએ તુરંત ઘટના સ્થળે પહોંચીને દીપડાની શોધખોળ હાથ ધરી હતી. શરૂઆતમાં દીપડો હાથ ન આવતા લોકોની ચિંતામાં વધારો થયો હતો, પરંતુ વન વિભાગ દ્વારા મોડી રાત્રે વ્યૂહાત્મક રીતે વિવિધ સ્થળોએ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. સતત દેખરેખ અને સઘન કામગીરી બાદ આખરે હુમલાખોર દીપડો પાંજરે પુરાતા લોકોએ હાશકારો અનુભવ્યો છે. વન વિભાગે હાલ આ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દીધું છે અને ગ્રામજનોને સાવચેતી રાખવા ખાસ સૂચના આપી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૨૬-૦૨-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૭,
સૂર્યાસ્ત-૦૬:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષ

## દૈનિક રાશિફળ

તા.૨૬-૦૨-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# અમરેલીમાં પિતાએ દીકરી સાથે જીવન ટૂંકાવવાના કેસમાં પત્ની સામે ફરિયાદ

**મૃતકના ભાઈએ આરોપીઓ સામે મરવા મજબૂર કર્યાની ફરિયાદ**

અમરેલી, તા. ૨૫

ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીથી કંટાળી દીપક રામાણીએ ૧૨ વર્ષની દીકરી સાથે જીવન ટૂંકાવ્યા બદલ તેની પત્ની સહિતના આરોપીઓ સામે મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. હિતેષભાઈ બાબુભાઈ રામાણી (ઉ.વ.૩૯)એ સુરતમાં રહેતા હેતલબેન મગનભાઈ વેકરીયા, રવજીભાઈ સોજીત્રા, રાકેશભાઈ મગનભાઈ વેકરીયા, મગનભાઈ કેશવભાઈ વેકરીયા, પ્રભાબેન મગનભાઈ વેકરીયા, શૈલેષભાઈ વેકરીયા તથા બાબરના ધરાઈ ગામે રહેતા રમેશભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના ભાઈ દીપકભાઈ બાબુભાઈ રામાણીના લગ્ન આશરે પાંચેક મહિના પહેલા હેતલબેન મગનભાઈ વેકરીયા સાથે થયા હતા. જેઓ આશરે પંદર દિવસ સુધી તેના ભાઈ સાથે રહીને રીસામણે જતી રહી હતી. જે વાતનુ મનદુ:ખ રાખી આશરે ચારેક મહિનાથી આરોપીઓ તેના ભાઈને ફોન કરી તથા રૂબરૂમાં ખોટા કેસમાં ફીટ કરાવી દેવાની તથા તેના ભાઈ દીપકભાઈને મરવા મજબુર કર્યા હતા. તેમના ત્રાસથી કંટાળી મરણજનારે પોતાના વાડી ખેતરે તેના દીકરી રીવા ઉ.વ.૧૨ સાથે કુવામાં પડી જઈ મોત વ્હાલું કર્યુ હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી આઈ ડી એસ ઈશરાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી સિટી પોલીસે ગુમ થયેલો મોબાઈલ શોધી આપ્યો

અમરેલી, તા.૨૫

અમરેલી સિટી પોલીસે તેરા તુજકો અર્પણ અંતર્ગત ગુમ થયેલો મોબાઈલ શોધીને મૂળ માલિકને પરત સોંપ્યો હતો. સાગરભાઈ મુકેશભાઈ પરમાર બક્ષીપુરવાળા અમરેલી બીનાકા ચોક ખાતે કામકાજ અર્થે ગયા હતા ત્યારે તેમનો ફોન ગુમ થઈ ગયો હતો. જે અંગે તેમણે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અનુસંધાને પોલીસે હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલો ફોન શોધી અરજદારને પરત કર્યો હતો.

# રાજુલાના છતડીયા ગામની યુવતી ગુમ થઈ

રાજુલા, તા.૨૫

રાજુલાના છતડીયા ગામે રહેતી એક યુવતી ગુમ થઈ હતી. આ અંગે હરેશભાઈ મુળદાસભાઈ ગોંડલીયા (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, નિરૂપાબેન હરેશભાઈ ગોંડલીયા (ઉ.વ.૧૮) પોતાની મેળે પોતાની કોલેજેથી કંઈ પણ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી એસ બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૧/૨૬ — તા.૨૪/૦૨/૨૦૨૬

વિવાદી :- શ્રી ધીરૂભાઈ વલ્લભભાઈ કિકાણી
રહે. બી-૨૭, સુરજીત સોસા, ઈંડીયા કોલોની, ઠક્કરબાપા નગર,
અહેમદાબાદ પિન-૩૮૨૩૫૦ મો.૯૮૨૫૧ ૦૮૧૧૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી. મો.૭૪૩૬૦૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.પાડરશીંગા, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોરંગી મુકામે ના શ્રી પાર્વતીબેન રણછોડભાઈ કાપડીયાએ તેમના પુત્ર નામે શ્રી મુકેશભાઈ રણછોડભાઈ કાપડીયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૧ ના રોજ રાજુલા તાલુકાના મોરંગી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલાંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

---

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૪૯૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લખમણભાઈ નનુભાઈ વાણીયા
સરનામું :- મુ.મોટી રીંગણીયાળા તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોટી રીંગણીયાળા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોટી રીંગણીયાળા મુકામે ના શ્રી લખમણભાઈ નનુભાઈ વાણીયાએ તેમના ભાઈ નામે સ્વ.બાબુભાઈ નનુભાઈ વાણીયા નું મરણ તા.૨૩/૦૯/૧૯૯૬ ના રોજ રાજુલા તાલુકાના મોટી રીંગણીયાળા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. જી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

---

## મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજી. સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા

પર. અ. નં. ૩૧૩/૨૦૨૫

(૧) રવજીભાઈ જીણાભાઈ બારૈયા ઉ.વ.આ.૪૫
ધર્મે-હિન્દુ, ધંધો-ખેતી, રહે.કોટડી, તા.રાજુલા, જી.અમરેલી.
મો.૭૦૯૬૨૭૦૮૮૪ ........અરજદાર

**વિરૂધ્ધ**

(૧) તલાટી કમ મંત્રીશ્રી,
-વ-
જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
મુ.કોટડી, તા.રાજુલા, જી. અમરેલી ......સામાવાળા

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના શ્રી રવજીભાઈ જીણાભાઈ બારૈયા એ તેમના પુત્રી નામે રમિલાબેન રવજીભાઈ બારૈયા નો જન્મ તા.૦૧/૦૩/૨૦૦૮ ના રોજ મોજે કોટડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જયસુખ કે. મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે. ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તારીખ : ૦૭/૦૨/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

---

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૪૬૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લાલજીભાઈ ભીખાભાઈ વસોયા
સરનામું :- મુ.જૂની માંડરડી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - જૂની માંદરડી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના જૂની માંડરડી મુકામે ના શ્રી લાલજીભાઈ ભીખાભાઈ વસોયા એ તેમના પુત્રી નામે શ્રી ચંદ્રીકાબેન લાલજીભાઈ વસોયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ રાજુલા તાલુકાના જૂની માંડરડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જે.કે.મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.


સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# દિલ્હીમાં નરાધમ પિતાએ પત્ની અને ત્રણ માસૂમ પુત્રીઓનુ ગળું કાપી હત્યા કરી

નવી દિલ્હી, તા.૨૫




દેશની રાજધાની દિલ્હીના સમયપુર બદલી વિસ્તારના ચંદન પાર્કમાં એક હૃદયદ્રાવક સામુહિક હત્યાકાંડ સામે આવ્યો છે. એક શખ્સે પોતાની પત્ની અને ત્રણ માસૂમ પુત્રીઓની તીક્ષ્ણ હથિયારથી ગળું કાપી નિર્મમ હત્યા કરી નાખતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે. ઘટનાને અંજામ આપી આરોપી પતિ સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. પોલીસને આજે સવારે ચંદન પાર્કના એક મકાનમાં ચાર લોકોની હત્યા થઈ હોવાની બાતમી મળી હતી. પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે રૂમની અંદરનું દ્રશ્ય જોઈને અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ગ્રાઉન્ડ ફ્લોર પર એક જ રૂમમાં લોહીથી લથપથ હાલતમાં ૩૦ વર્ષીય અનિતા અને તેની ત્રણ, ચાર અને પાંચ વર્ષની માસૂમ પુત્રીઓના મૃતદેહ મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં તમામના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઊંડા ઘા જોવા મળ્યા છે. મૃતકો મૂળ બિહારના પટના જિલ્લાના વતની હતા. આરોપી પતિ મુંચન કેવત, જે આઝાદપુર મંડીમાં શાકભાજી વેચવાનું કામ કરતો હતો, તે ઘટના બાદથી જ ગુમ હોવાથી પોલીસ તેને મુખ્ય શંકાસ્પદ માની રહી છે. પડોશીઓએ સવારે ઘરનો દરવાજો ખુલ્લો જોતા અને અંદર કોઈ હિલચાલ ન જણાતા પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) અને ક્રાઈમ ટીમે પુરાવા એકત્રિત કર્યા છે. પોલીસ દ્વારા આરોપીને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે અને સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં આરોપીની ધરપકડ કરવામાં આવશે તેવો વિશ્વાસ પોલીસે વ્યક્ત કર્યો છે.

**વૃધ્ધના પત્નીને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડાયા**

# વડોદરા નજીક અકસ્માતમાં સાવરકુંડલાના પીઠવડી ગામના વૃધ્ધનું કરૂણ મોત

અમરેલી,તા.૨૫



સાવરકુંડલા તાલુકાના પિઠવડી ગામના મૂળ રહેવાસી અને હાલ સુરતની રામકૃષ્ણ સોસાયટીમાં સ્થાયી થયેલા ૭૫ વર્ષીય ધીરુભાઈ વલ્લભભાઈ નાકરાણીનું વડોદરા નજીક અકસ્માતમાં મોત નીપજ્યું છે. ગત ૨૩ ફેબ્રુઆરીની રાત્રે ધીરુભાઈ તેમના પત્ની ચંપાબેન અને ડ્રાઈવર કાંતીભાઈ રાઠોડ સાથે સફેદ રંગની મહેન્દ્રા XUV કારમાં પિઠવડીથી સુરત જવા રવાના થયા હતા. ૨૪ ફેબ્રુઆરીની વહેલી સવારે પોણા છ વાગ્યાની આસપાસ વાસદથી વડોદરા તરફ આવતા હાઈવે પર ભારત પેટ્રોલ પંપ નજીક કાર અચાનક રોડના મધ્યમાં આવેલા ડિવાઈડરના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ પ્રચંડ ટક્કરમાં ધીરુભાઈનું ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું, જ્યારે તેમના પત્ની ચંપાબેનને છાતી, પાંસળી અને મણકાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. ડ્રાઈવર પણ ઈજાગ્રસ્ત થયો છે. આ મામલે ચંપાબેને છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**વૃધ્ધના પત્નીને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડાયા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૨/૨૬ — તા.૧૩/૦૧/૨૦૨૬

**વિવાદી :- શ્રી અશોકભાઈ ગણેશભાઈ રંઘોળીયા**
**મુ.હાવતડ, તા.લાઠી, જી.અમરેલી**
**મો.૯૭૧૪૨ ૪૯૨૦૫**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ**
**દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.હાવતડ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.હાવતડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતાજીનો ગણેશભાઈ શંભુભાઈ રંઘોળીયાનો મરણ તા.૧૦/૦૨/૧૯૯૨ ના રોજ હાવતડ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૯/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## કલેકટર અને જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

અમરેલી,તા.૨૫

અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે પરીક્ષા એ જીવનનો એક મહત્વપૂર્ણ પડાવ છે, અંતિમ લક્ષ્ય નથી. તેમણે વિદ્યાર્થીઓને વર્ષભરની મહેનત પર ભરોસો રાખી, કોઈપણ પ્રકારના માનસિક તણાવ કે ડર વગર, સંપૂર્ણ એકાગ્રતા અને સકારાત્મકતા સાથે શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપવા માટે હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવી છે તો જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતાએ પણ વિદ્યાર્થીઓને શાંતિથી, ડર વગર બોર્ડની પરીક્ષા આપે તેવી તેવી શુભેચ્છા પાઠવી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.કૌશિકભાઈ મનસુખભાઈ મજીઠીયા(ઉ.વ.૪૫)તા.૨૩/૦૨/૨૦૨૬ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું સદગત બેસણુ તા.૨૬/૦૨/૨૦૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે લોહાણા વિદ્યાર્થીભવન મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.ચંદ્રિકાબેન નટુભાઈ હરસોરા (ઉ.વ.૫૭)નું ૨૨/૦૨/૨૬ને રવિવાર ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમનુ સદગત બેસણુ તા.૨૬/૦૨/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે અમારા નિવાસસ્થાન નંદીગ્રામ સોસાયટી જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**દામનગર**

ગં.સ્વ.કંચનબેન બચુભાઈ વાજા (ઉ.વ.૮૫)૨૪/૨/૨૬ને મંગળવારના રોજ રામ ચરણ પામેલ છે. તે કિશોરભાઈ, દીનેશભાઈ અને જયશ્રીબેન, રંજનબેન, દેવીબેન તથા ઈન્દુબેનના માતૃશ્રી થાય છે. તેમની સાદડી ૨૬/૨/૨૬ને ગુરુવારે અમારા નિવાસ સ્થાન વૈજનાજનગરમાં રાખેલ છે.

**ચલાલા**

કૌશિક ભરતભાઈ ભરતભાઈ (ઉ.વ.૨૯)નું ૨૫/૦૨/૨૬ના રોજ અવસાન થયેલ છે. તે ધારીના મીઠાપુર (ડુંગરી)ના નિવાસી અને હાલ અમદાવાદ રહેતા શ્રી મનસુખભાઈ લાલજીભાઈ વાઘાણી અને ચલાલા રહેતા શ્રી રસિકભાઈ લાલજીભાઈ વાઘાણીના ભાઈ ભરતભાઈ લાલજીભાઈ ભરતભાઈના પુત્ર થાય છે. સદગતનું બેસણું તા.૨૬/૦૨ના રોજ ગુરુવાર સવારના ૮થી ૬ સુધી તેઓના નિવાસસ્થાન હનુમાનપરા, મીઠાપુર (ડુંગરી) ખાતે રાખેલ છે.

## -:: જાહેર નોટીસ કમ ચેતવણી ::-

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, મારા અસીલે ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં ગોંડલ તાલુકાના દરડી કુંભાજી ગામના રે. સર્વે નં. ૧૪૯/૨ પૈકી ૧ ની જમીન એકર ૩-૦૬ ગુંઠા જમીન રહેણાંક હેતુ માટે બીનખેતી થતા તેના મંજુર થયેલ લે-આઉટ પ્લાનનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૧૩ ની જમીન ચો.મી.૧૫૫-૮૦ વાળી મિલ્કત શ્રી ચતુરભાઈ જીણાભાઈ બોધાણી ની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા ની આવેલ છે.

ઉપરોકત બતાવેલ મિલ્કતને લગતા નીચે મુજબના અસલ ડોક્યુમેન્ટ તેમને શોધતા મળી આવતા નથી કે, આડે હાથ મુકાય ગયેલ છે, ખોવાઈ ગયેલ છે/ગુમ થયેલ છે. તેવુ શ્રી ચતુરભાઈ જીણાભાઈ બોધાણી જણાવે છે.

(૧) રજી. દસ્તાવેજ નં. ૩૪૧૦, તા.૧૦/૦૬/૨૦૦૯ નો અસલ દસ્તાવેજ તથા રજી.ફી ભર્યાની પહોંચ અસલ..

(૨) રજી. દસ્તાવેજ નં. ૪૧૧૯, તા.૨૨/૦૩/૨૦૧૦ ની રજી.ફી ભર્યાની પહોંચ અસલ.

ઉપરોકત મીલક્ત વેંચાણ બાબતે કે ટાઈટલ બાબતે તથા ઉપરોક્ત ડોક્યુમેન્ટ અસલ. તે અંગે તથા તેને સલંગ્ન ટાઈટલને લગતા કોઈનો કોઈપણ પ્રકારનો માલીકી હકક, કબજા, ટાઈટલ બાબતે, હિત, હિસ્સો, કે વાંધો તકરાર, અગ્ર હકક, લીયન, બોજો, બેંક બોજો, વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારના વાંધો, તકરાર, હકક, હિસ્સો હોય તો દિવસ-૧૦(દસ) માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે, અગ્રહકક રહેલો નથી તેમ માની મારા અસીલ સદરહું મીલકત ટાઈટલ કિલીયર ગણી અવેજ ચુકવી મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદના વાંધા, ખરીદનાર દરજજે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી.

સ્થળ :- કુંકાવાવ મોટી
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૬

બી.કે.તળાવિયા એડવોકેટ મો. ૯૦૧૬૭૭૮૮૨૧
હરેશ વિ.કોટડીયા- એડવોકેટ મો. ૯૮૭૯૮૫૧૩૫૨
ઠે.કુંકાવાવ મોટી અવધ કોમ્પ્યુટર,
દુકાન નં.૧૪ પટેલ વાડી કુંકાવાવ મોટી

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.68/2026

**પ્રતિ,**
શ્રી ફાતમાબેન ઈસાભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**.....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઈસાભાઈ જાકુબભાઈ ઢોકી તથા ફાતમાબેન ઈસાભાઈ ઢોકી ના પુત્રી સફીના ઈસાભાઈ ઢોકીનો જન્મ તારીખ 15/11/2011 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.2011 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.77/2026
જન્મ તારીખ : 01/01/1965

શ્રી બહેરૂની ફેજેઆહમદ હાસમમિયા,
રહે.નરસિંહ ટેકરી, ખોડીયાર નગર, તાલાલા ગામ-તાલાલા, તાલુકો-તાલાલા,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઘાંટવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બહેરૂની ફેજેઆહમદ હાસમમિયા, રહે.નરસિંહ ટેકરી, ખોડીયાર નગર, તાલાલા, તાલુકો-તાલાલા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હાસમમિયા બહેરૂની તથા જેનબબીબી બહેરૂની ના પુત્ર ફેજેઆહમદ હાસમમિયા બહેરૂનીનો જન્મ તારીખ.01/01/1965ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.76/2026
જન્મ તારીખ : 01/06/1970

શ્રી હાલાઈ ઈસ્માઈલ આદમ,
રહે.કાદરી મોહલ્લા કોડીનાર ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ ઈસ્માઈલ આદમ, રહે.કાદરી મોહલ્લા કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અલીમહમદ હાજીભાઈ હાલાઈ તથા જરીનાબેન અલીમહમદ હાલાઈ ના પુત્ર ઈસ્યાસ અલીમોહમદ હાલાઈનો જન્મ તારીખ.01/06/1970ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૧૧/૨૦૨૬

અરજદાર :- શ્રી અમરીબેન માંડાભાઈ મકવાણા
વા/ઓ-હમીરભાઈ ઝાપડા,
રહે.કાંઠમાં, અમરેલી તા/જી-અમરેલી
વકીલશ્રી હરિલાલ આર. પરમાર - એડવોકેટ

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી
મું.અમરેલી, તા/જી-અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં અમરીબેન માંડાભાઈ મકવાણા તેમના માતાશ્રી પાંચીબેન માંડાભાઈ મકવાણાની મરણ (તા.૧૬/૦૧/૧૯૮૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(કે.કે.દવે)**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૧૯/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી લખમણભાઈ નાજાભાઈ વાવડીયા
સરનામું :- મુ.દેવકા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - દેવકા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના દેવકા મુકામે ના શ્રી લખમણભાઈ નાજાભાઈ વાવડીયા એ તેમના માતા નામે સ્વ.ધકુબેન નાજાભાઈ વાવડીયા નું મરણ તા.૦૬/૦૫/૨૦૦૩ અને કાકી નામે સ્વ.કવરબેન સાદુળભાઈ વાવડીયા નું મરણ તા.૧૭/૦૧/૨૦૧૯ ના રોજ રાજુલા તાલુકાના દેવકા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જે.કે.મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૯/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૪૪૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી હરસુરભાઈ હમીરભાઈ વાવડીયા
સરનામું :- મુ.દેવકા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - દેવકા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મુકામે ના શ્રી હરસુરભાઈ હમીરભાઈ વાવડીયા એ તેમના કાકા નામે સ્વ.દેપાભાઈ મેરામણભાઈ વાવડીયા નું મરણ તા.૧૯/૦૩/૨૦૦૧ ના રોજ રાજુલા તાલુકાના દેવકા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જે.કે.મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૭/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૨૭/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી મકવાણા જમીલાબેન પીરભાઈ
સરનામું :- ઠે. મુ.મોરંગી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોરંગી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોરંગી મુકામે ના શ્રી મકવાણા જમીલાબેન પીરભાઈ એ તેમના પુત્રી મકવાણા મુસ્તુરાબેન પીરભાઈ નો જન્મ તા.૧૬/૦૬/૧૯૯૬ ના રોજ અને પુત્રી મકવાણા ખેરૂનબેન પીરભાઈ નો જન્મ તા.૨૧/૦૮/૧૯૯૯ ના રોજ રાજુલા તાલુકાના મોરંગી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમંતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૭/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૩૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી જેનુબેન ભીખુશા દલ
સરનામું :- ઠે. મુ.તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - છાપરી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના છાપરી મુકામે ના જેનુબેન ભીખુશા દલ એ તેમના બહેન શ્રી રસીદાબેન રમજુશા કનોજીયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૧ ના રોજ રાજુલા તાલુકાના છાપરી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૭/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## શ્રી કેરાળા ગ્રામ પંચાયત કચેરી

તા.જાફરાબાદ, જિ.અમરેલી

**પ્રાથમીક શાળાની જર્જરીત દિવાલ અને જુની જર્જરીત સ્મશાન છાપરીની હરરાજી કરવા અંગેની જાહેરાત**

કેરાળા ગામે પ્રાથમીક શાળાની જર્જરીત દિવાલ અને જુની જર્જરીત સ્મશાન છાપરીની હરરાજી તારીખઃ ૦૨/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ રાખેલ હોઈ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

-: શરતો :-

૧. હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રૂા. ૧૦૦૦/- રોકડથી ભરવાના રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી સૌથી ઊંચી બોલીથી પસંદ થયેલ વ્યક્તિએ જેતે રકમ તે જ દિવસે રોકડ/ચેક/ડીડી સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાના રહેશે.
૩. પસંદ થયેલ વ્યક્તિ/એજન્સીએ આ કામ મળ્યે દિન -૫માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનીની જવાબદારી જે તે વ્યક્તિ/ એજન્સીની રહેશે.
૫. પ્રાથમીક શાળાની જર્જરીત દિવાલની અપસેટ પ્રાઈઝ રૂા.૩૫૦૦૦/- અને જુની જર્જરીત સ્મશાન છાપરીની અપસેટ પ્રાઈઝ રૂા.૧૫૦૦૦/- છે.

**હરરાજીનું સ્થળ : ગ્રામ પંચાયત કચેરી કેરાળા, તા.જાફરાબાદ, જી. અમરેલી**
**તારીખ : ૦૨/૦૩/૨૦૨૬ (સોમવાર) સમય : ૧૧:૦૦ કલાકે**

હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર કેરાળા ગ્રામ પંચાયતને રહેશે.

**તલાટી કમ મંત્રી** — **સરપંચશ્રી**
**કેરાળા ગ્રામ પંચાયત** — **કેરાળા ગ્રામ પંચાયત**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૪૭૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બોરીચા હમીરભાઈ નથુભાઈ
સરનામું :- મુ.રાજુલા તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - રાજુલા નગરપાલિકા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામે ના શ્રી બોરીચા હમીરભાઈ નથુભાઈએ તેમના પિતા નામે સ્વ.નથુભાઈ રાજાભાઈ બોરીચા નું મરણ તા.૨૫/૦૭/૧૯૮૨ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૭/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૪૬૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી સામતભાઈ રામભાઈ લાખણોત્રા
સરનામું :- મુ.દાતરડી તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - દાતરડી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના દાતરડી મુકામે ના શ્રી સામતભાઈ રામભાઈ લાખણોત્રાએ તેમના માતા નામે સ્વ.જાનીબેન રામભાઈ લાખણોત્રા નું મરણ તા.૧૦/૦૮/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના દાતરડી મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૭/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૩૦/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી પઠાણ સાઈદાબેન અલારખશા
સરનામું :- ઠે. મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોરંગી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોરંગી મુકામે ના પઠાણ સાઈદાબેન અલારખશા એ તેમના બહેન શ્રી રૂકસાનાબેન અલારખભાઈ પઠાણ નો જન્મ તા.૧૦/૦૪/૧૯૭૫ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૭/૦૨/૨૦૨૬**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

બિહારના પટનાના રહેવાસી બાલમુકુંદ ખૈતાન શેરબજારનું કામકાજ સંભાળતા હતા

# સુરતમાં દેવાના બોજ તળે દબાયેલા પરિવારનો સામૂહિક આપઘાત

સુરત,તા.૨૫

સુરત શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં આવેલી હેપી એલિગન્સ બિલ્ડિંગમાં ગત ૨૪ ફેબ્રુઆરીની સાંજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં શેરબજાર સાથે સંકળાયેલા બાલમુકુંદ ખૈતાને તેમના પરિવાર સાથે સામૂહિક આપઘાતનો રસ્તો અપનાવ્યો હતો. આ ઘટનામાં બાલમુકુંદનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું, જ્યારે તેમની પત્ની પ્રિયંકા અને એક માસૂમ પુત્રીએ ટૂંકી સારવાર બાદ હોસ્પિટલમાં દમ તોડ્યો છે. સદનસીબે આ ગંભીર પગલામાંથી બીજી પુત્રીનો આબાદ બચાવ થયો છે. મૂળ બિહારના વતની એવા ખૈતાન છેલ્લા બે વર્ષથી ઘરે બેસીને જ શેરબજારનું કામકાજ સંભાળતા હતા, પરંતુ આર્થિક સંકડામણ અને ઉઘરાણીના ત્રાસે આ હસતા-રમતા પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. પોલીસને તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ પાનાની હિન્દીમાં લખાયેલી સુસાઇડ નોટ મળી આવી છે, જે આ કેસમાં સૌથી મોટો પુરાવો સાબિત થઈ રહી છે. પોલીસની પ્રાથમિક તપાસ અને હસ્તાક્ષરના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે આ સ્યુસાઇડ નોટ બાલમુકુંદના પત્ની પ્રિયંકા ખૈતાને લખી હતી,



જેની નીચે દંપતીએ પોતાની સહી પણ કરી હતી. આ ચિઠ્ઠીમાં વૈભવ રુંગટા નામના શખ્સ દ્વારા કરવામાં આવતી સતત ઉઘરાણી અને માનસિક ત્રાસનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વૈભવના ત્રાસથી કંટાળીને આ પરિવારે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો આકરો નિર્ણય લીધો હતો. આ ઘટનામાં આરોપીની નિર્લજ્જતાની હદ તો ત્યારે જોવા મળી જ્યારે પરિવારમાં આક્રંદ અને શોકનો માહોલ હતો, તેમ છતાં તે મૃતક બાલમુકુંદના સસરા સાથે સોફા પર બિન્દાસ બેસીને સમગ્ર સ્થિતિની જાણકારી મેળવવાનો ઢોંગ કરી રહ્યો હતો.

આ કરુણ ઘટનામાં સૌથી આઘાતજનક બાબત એ છે કે મૃત્યુના દ્વારે ઊભેલા આ દંપતીને પોતાના પાલતુ શ્વાન 'કેન્ડી'ની પણ એટલી જ ચિંતા હતી. તેમણે સુસાઇડ નોટમાં ખાસ લખ્યું હતું કે તેમના ગયા પછી કેન્ડી નિરાધાર ન થઈ જાય, તેને કોઈ સુરક્ષિત ડોગ શેલ્ટર અથવા ડોગ શોપમાં મોકલી આપવામાં આવે જેથી તેની યોગ્ય સારસંભાળ થઈ શકે. જીવનના અંતિમ શ્વાસ લેતા પહેલા પણ પોતાના મુંગા પશુ પ્રત્યેની આ સંવેદનાએ તપાસ કરનાર અધિકારીઓની આંખો પણ ભીની કરી દીધી હતી. હાલ પોલીસ આ સમગ્ર મામલે વૈભવ રુંગટા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી રહી છે અને મકાનમાંથી મળેલા પુરાવાઓના આધારે વધુ તપાસ ચલાવી રહી છે.

# રાજયમાં ફેબ્રુઆરીના અંતમાં ઠંડીના બદલે મિશ્ર ઋતુનો અનુભવ

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં આ વર્ષે શિયાળાની ઋતુમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરીના અંતમાં પણ રાજ્યમાં કાતિલ ઠંડીને બદલે મિશ્ર ઋતુ અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર-પૂર્વના ગરમ પવનો ફૂંકાવાને કારણે લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧ થી ૨ ડિગ્રી અને મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો નોંધાયો



છે. હવામાન વિભાગના આંકડા મુજબ, અમદાવાદ અને ગાંધીનગર જેવા શહેરોમાં લઘુતમ તાપમાન ૨૧°C આસપાસ રહેતા રાત્રે પણ હળવો ઉકળાટ અનુભવાય છે. ડીસામાં ૧૬.૮°C અને રાજકોટમાં ૧૮.૮°C તાપમાન નોંધાયું છે. નિષ્ણાતોના મતે, આ વર્ષે ડિસેમ્બરથી જ ઠંડીનું જોર ઓછું રહ્યું છે અને વારંવાર પશ્ચિમી વિક્ષેપોને કારણે વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. આગામી દિવસોમાં જો કોઈ નવો વિક્ષેપ સર્જાય તો માવઠાની શક્યતા નકારી શકાય નહીં, પરંતુ હાલમાં તો ભરશિયાળે ગરમી અને ભેજવાળા વાતાવરણને કારણે નાગરિકો બેવડી ઋતુનો સામનો કરી રહ્યા છે.

# હિંમતનગરમાં કપાતરે ભત્રીજા સાથે મળી આધેડ પિતાની નિર્મમ હત્યા કરતા ખળભળાટ

હિંમતનગર, તા.૨૫

સાબરકાંઠાના ધાણધા વિસ્તારમાં ૫૫ વર્ષીય આધેડ ગોપાલભાઈ ઓડની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી કાઢ્યો છે. આ ચોંકાવનારી ઘટનામાં મૃતકના પોતાના જ પુત્ર મિતેશ અને કૌટુંબિક ભત્રીજા ઈશ્વર ઓડની સંડોવણી સામે આવી છે. ૧૮ ફેબ્રુઆરીની રાત્રે પિતા સાથેના આંતરિક ખટરાગ અને



ઝઘડાને કારણે ઉશ્કેરાયેલા પુત્રએ બોથડ પદાર્થના ઘા ઝીંકી અને ગડદાપાટુનો માર મારી પિતાને મોતને ઘાટ ઉતાર્યા હતા. હત્યા બાદ પુરાવા નાશ કરવા માટે લાશને દાળમીલ પાછળની ઝાડીઓમાં ફેંકી દેવામાં આવી હતી. ૧૯ ફેબ્રુઆરીએ લાશ મળી આવતા હિંમતનગર બી-ડિવિઝન પોલીસ અને એસઓજીએ તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે. બીએસસીનો અભ્યાસ કરતા પુત્રએ જ પિતાની હત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નસવાડીમાં માનસિક અસ્વસ્થ યુવતી પર દુષ્કર્મ, ગ્રામજનોમાં ભારે રોષ

છોટાઉદેપુર, તા.૨૫

જિલ્લાના નસવાડી તાલુકામાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે, જ્યાં એક માનસિક રીતે અસ્વસ્થ યુવતી પર જંગલ વિસ્તારમાં દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. પીડિતા ગંભીર હાલતમાં મળી આવતા તેને વધુ સારવાર માટે વડોદરા ખસેડાઈ છે. પીડિતાના ભાઈ ને ડુંગર પર લાશ હોવાની બાતમી મળી હતી, પરંતુ સ્થળ પર પહોંચતા યુવતી જીવિત મળી આવી હતી. પરિવારે આ ઘટનામાં 'ગેંગરેપ'ની શંકા વ્યક્ત કરી છે. પોલીસે હાલ એક આરોપીની અટકાયત કરી તપાસ તેજ કરી છે. બીજી તરફ, અન્ય આરોપીઓને ઝડપી પાડવા અને કડક સજાની માંગ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ નસવાડી પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી મામલો થાળે પાડ્યો હતો. દુષ્કર્મની ઘટનાથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# અમરેલી જિલ્લામાં PGVCLનો સપાટો: બાકી લેણાં વસૂલવા મેગા ડ્રાઈવ

**વીજ જોડાણો કાપવાની કડક કાર્યવાહીનો પ્રારંભ, વીજ ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં પીજીવીસીએલ તંત્ર દ્વારા બાકી વીજ બિલની વસૂલાત માટે અત્યંત કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે ગ્રાહકોના ૫૦૦૦ રૂપિયા કરતા વધારે રકમનું લેણું બાકી છે તેવા ૮૬૮૭ જેટલા વીજ ગ્રાહકો



તસવીર : મયુર પંડયા

સામે તંત્રએ લાલ આંખ કરી છે. સમગ્ર જિલ્લામાં કુલ ૧૧ કરોડ ૮૧ લાખ રૂપિયા જેટલી માતબર રકમ વસૂલવાની બાકી હોવાથી તંત્ર દ્વારા ૨૯૦ જેટલી વિશેષ વીજ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમો સવારના ૭ વાગ્યાથી લઈને રાત્રિના ૮ વાગ્યા સુધી સતત કાર્યરત રહીને વીજ ડ્રાઈવ ચલાવી રહી છે અને બાકીદારોના વીજ જોડાણો સ્થળ પર જ કાપવાની કામગીરી કરી રહી છે. પીજીવીસીએલની આ આક્રમક કાર્યવાહીને પગલે સમગ્ર જિલ્લાના વીજ ગ્રાહકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જો સમયસર લેણું ભરપાઈ કરવામાં નહીં આવે તો કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કે પીજીવીસીએલની કડક કાર્યવાહીને લઈને બાકીદારો વીજ બીલ ભરવા લાઈનો લગાડી હતી. જે બાકીદારોના બીલ ભરાઈ ગયા હતા તેઓના વીજ કનેકશન ફરી જોડવામાં આવ્યા હતા.

**સા.કુંડલા પાલિકાએ ૨૬.૫૬ કરોડનું બીલ ચુકવ્યુ**

અમરેલી જિલ્લામાં પીજીવીસીએલની કડક કાર્યવાહીને કારણે સરકારી કચેરીઓમાં પણ ફફડાટ ફેલાયો છે. વીજ તંત્રની કડક કાર્યવાહીથી ભયભિત થઈ સાવરકુંડલા નગરપાલિકાએ અધધ..૨૬,૫૬,૮૩,૩૮૯ની રકમનો પીજીવીસીએલને ચેક આપ્યો હતો.

**વીજ તંત્રએ ૩૭૩૯ ગ્રાહકોના વીજ કનેકશન કટ કર્યા**

અમરેલી જિલ્લા પીજીવીસીએલની ટીમ દ્વારા બાકી વીજ બીલ વસુલવા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે. ૮૬૮૭ વીજ ગ્રાહકોમાંથી ૩૭૩૯ ગ્રાહકોના વીજ કનેકશન કાપવામાં આવ્યા છે. વીજ તંત્રની કડક કાર્યવાહીને કારણે વીજ ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો છે.

# રાજયની ૧૫૨ નગરપાલિકાઓમાં 'સ્વદેશી મેળા'ની ધૂમ : રૂ.૮૩ લાખની કરી કમાણી

અમદાવાદ, તા.૨૫

વડાપ્રધાનના 'વોકલ ફોર લોકલ' મંત્રને સાર્થક કરવા ગુજરાત સરકાર દ્વારા રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓમાં 'સ્વદેશી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલા આ અભિયાનનો હેતુ સ્થાનિક કારીગરો અને મહિલા સ્વસહાય જૂથોને આર્થિક મંચ પૂરું પાડવાનો છે.



૧૫ માર્ચ, ૨૦૨૬ સુધીમાં તમામ નગરપાલિકાઓમાં આ મેળાઓ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. અત્યાર સુધી ૩૮ નગરપાલિકાઓમાં મેળા યોજાયા છે, જેમાં ૧ લાખથી વધુ મુલાકાતીઓએ રૂ.૮૩ લાખથી વધુની ખરીદી કરી છે. આ આયોજન હેઠળ કુલ ૫,૭૦૦ સ્ટોલ તૈયાર કરાયા છે, જેમાં હસ્તકલા, સ્થાનિક ઉત્પાદનો અને ફૂડ કોર્ટનો સમાવેશ થાય છે. અગાઉના ઉત્સવોમાં રૂ.૧૦ કરોડનું વેચાણ થયું હતું, જે સફળતાને ધ્યાને રાખી હવે નાના શહેરોમાં પણ આ પ્લેટફોર્મ વિસ્તારવામાં આવ્યું છે.

# વડોદરામાં 'ફરઝી' વેબ સિરીઝ જેવી મોડસ ઓપરેન્ડી, નકલી નોટો છાપતું રેકેટ ઝડપાયું

વડોદરા, તા.૨૫

વડોદરા જિલ્લા ગ્રામ્ય એલસીબીએ આસોજ ગામની સીમમાં ખેતરની ઓરડીમાં ચાલતા નકલી નોટોના કારખાનાનો પર્દાફાશ કર્યો છે. શાહિદ કપૂરની 'ફરઝી' સિરીઝની જેમ જ, અહીં બે પરપ્રાંતીય શખ્સો કલર પ્રિન્ટર અને ખાસ પ્રકારની શાહીની મદદથી રૂ.૫૦૦ અને રૂ.૨૦૦ના દરની નકલી નોટો છાપતા હતા. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી નરેન્દ્ર પાલ અને હેમંત જાગીડ નામના બે આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી ૧૬ નકલી નોટો, કલર પ્રિન્ટર અને ઉચ્ચ ગુણવત્તાવાળો કાગળ જપ્ત કર્યો છે. આરોપીઓ છેલ્લા દોઢ મહિનાથી ભાડાની ઓરડીમાં આ નેટવર્ક ચલાવતા હતા અને ભીડભાડવાળા બજારોમાં આ નોટો વટાવવાની ફિરાકમાં હતા. હાલ મંજુસર પોલીસે ગુનો નોંધી આ રેકેટના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

# સા.કુંડલાના સેંજળ રેવન્યુ વિસ્તારમાં ભીષણ આગ લાગતા અફરાતફરી

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા તાલુકાના સેંજળ રેવન્યુ વિસ્તારમાં જંગલની સરહદ પાસે ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. ઉનાળાના પ્રારંભે વધતા તાપમાનને કારણે લાગેલી આ આગને પગલે સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, વન વિભાગે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે તમામ વન્યપ્રાણીઓ સંપૂર્ણ



તસવીર : સૌરભ દોશી

સુરક્ષિત છે અને કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણ થતાં જ વનકર્મીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલ વન વિભાગ દ્વારા વન્યજીવોનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને નાગરિકોને જંગલ વિસ્તારમાં આગ ન લાગે તેવી તકેદારી રાખવા ખાસ વિનંતી કરવામાં આવી છે.







